City ભાસ્કર
AHMEDABAD, MONDAY, 22/10/2018

## ધો.8થી અભ્યાસ છોડ્યો, આજે ગણાય છે ભારતનો ઝુકરબર્ગ

# ટેકનોલોજી મારી વીકનેસ હતી, એને જ સ્ટ્રેન્થ બનાવી તો CEO બની ગયો : ત્રિશ્નિત અરોરા

■ આપણે સરફેસ વેબ વાપરીએ છીએ, તેની સાઇઝ માત્ર 19 tb છે જ્યારે એના સિવાયના ડાર્ક ઈન્ટરનેટની સાઇઝ 7500 tb

■ ડાર્ક ઈન્ટરનેટમાં ચાલે છે પોર્નોગ્રાફી, ઓનલાઈન બેન્કિંગ ફ્રોડ, હથિયારોની લે-વેચ સહિતના અનેક ગેરકાનૂની કામ

સિટી રિપોર્ટર | cbamdavad@gmail.com

‘મેં મારું સ્કૂલિંગ પુરું નથી કર્યું. મેં ધો.8થી જ અભ્યાસ છોડી દીધેલો. હું તમારી સામે મારું એક્ઝામ્પલ સેટ કરવા નથી માગતો પણ એ શેર કરવા ઈચ્છીશ કે એ સમયે ટેકનોલોજી મારી વીકનેસ હતી, મારા ઘરે કોમ્પ્યૂટર આવ્યુ અને મેં તેને એક્સપ્લોર કર્યું. મારી વીકનેસને જ સ્ટ્રેન્થ બનાવી અને સાવ નજીવા અભ્યાસ છતાં હું આજે સીઈઓ છું.’ આ શબ્દો છે એથિકલ હેકર અને ટેક સિક્યોરિટીના સીઈઓ ત્રિશ્નિત અરોરાના. આ વાત તેમણે આઈઆઈટી-ગાંધીનગરમાં ચાલતી એન્યૂઅલ ટેકનિકલ સમિટ અભિમિથિયામાં વિદ્યાર્થીઓને સંબોધતા કહી. ફોર્બ્સ એશિયા અંડર 30ની યાદીમાં સ્થાન ધરાવતા ત્રિશ્નિતે પણ ઝુકરબર્ગની જેમ સ્કૂલથી જ અભ્યાસ છોડ્યો હોવાથી અને ઝુકરબર્ગની જેમ જ કોમ્પ્યૂટર ક્ષેત્રે જ કાઠુ કાઢ્યુ હોવાથી તે ભારતના ઝુકરબર્ગ તરીકે ઓળખાય છે.

**IIT-Gnમાં એથિકલ હેકર ત્રિશ્નિત અરોરાની ટોક**

ત્રિશ્નિતે કહ્યું કે, ‘આપણે જે સરફેસ વેબ વાપરીએ છીએ તેની સાઈઝ માત્ર 19 ટીબી(ટેરાબાઈટ) જેટલી જ છે જ્યારે એના સિવાયનું ડાર્ક ઈન્ટરનેટ કે જે સામાન્ય રીતે આપણને દેખાઈ નથી રહ્યું તેની સાઈઝ 7500 ટીબી જેટલી છે. જેમાં પોર્નોગ્રાફી, ઓનલાઈન બેન્કિંગ ફ્રોડ અને ટેરરિસ્ટ દ્વારા હથિયારોની લે-વેચ જેવા ગેરકાનૂની કામો થાય છે. 2011થી 2013 સુધીમાં જ આ ડાર્ક ઈન્ટરનેટમાં 1.2 બિલિયનનો બિઝનેસ થયો હોવાનુ મનાય છે. આ ડાર્ક ઈન્ટરનેટને ડામવા સરકારે એક ટાસ્કફોર્સની રચના કરવી જોઈએ. જે સાઈબર આર્મી તરીકે ઓળખાય અને નેટનો મિસયુઝને રોકે.’

## CBI, પંજાબ અને ગુજરાત પોલીસને સાઇબર સિક્યુરિટી આપે છે ત્રિશ્નિત અરોરાની કંપની



ત્રિશ્નિતે સ્થાપેલી કંપની TAC સિક્યુરિટી નેટવર્કની નબળાઈઓ દૂર કરે છે અને ડેટા ચોરી સામે સુરક્ષા આપે છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રી જેવી મોટી કોર્પોરેટ કંપનીઓ પણ તેની સેવા લે છે. એટલુ જ નહીં, પણ સીબીઆઈ, ગુજરાત પોલીસ અને પંજાબ પોલીસ જેવી સરકારી એજન્સીઓ પણ તેના ક્લાયન્ટ્સ લિસ્ટમાં છે. તે ગુજરાત અને પંજાબ પોલીસને સાઈબર ક્રાઈમના ગુના ઉકેલવામાં મદદ કરે છે. એ માટે તે અધિકારીઓના ટ્રેનિંગ સેશન્સ પણ લઈને તેમને ઈન્ટરનેટની દુનિયાના નવા અપડેટ્સ વિશે માહિતગાર કરે છે.

### ત્રિશ્નિતને મળેલા એવોર્ડ્સ

- ફોર્બ્સ અંડર 30માં સ્થાન
- 50 મોસ્ટ ઈન્ફ્લુએન્સિયલ યંગ ઈન્ડિયન્સમાં સ્થાન
- પંજાબી આઈકોન એવોર્ડ
- પંજાબના સીએમ દ્વારા સ્ટેટ એવોર્ડ

### ત્રિશ્નિતે લખેલી બુક્સ

- હેકિંગ ટોક વિથ ત્રિશ્નિત અરોરા
- ધ હેકિંગ એરા
- હેકિંગ વિથ સ્માર્ટ ફોન્સ

## લોકોની નીડ પ્રમાણે ડિઝાઇન થશે તો તેમને ગમશે : એસ.શિવકુમાર



આઈઆઈટી ગાંધીનગરની એન્યૂઅલ ટેકનિકલ સમિટ અમાલ્થિયામાં ઉપસ્થિત રહેલા ઈન્ડસ્ટ્રીયલ ડિઝાઈન ઓફ રોયલ એન્ફિલ્ડના ઈન્ડસ્ટ્રીયલ હેડ એસ.શિવકુમારે ડિઝાઈનના મહત્ત્વ વિશે વાત કરી હતી. તેમણે વિદ્યાર્થીઓને સંબોધતા કહ્યું કે, ‘ડિઝાઈન બનાવવા માટે મોડ્યુઅલ, રિન્યૂએબલ, રિસાયકલેબલનો કોન્સેપ્ટ અપનાવવો જોઈએ. જ્યારે પણ ડિઝાઈન બનાવો ત્યારે ટ્રેડિશન, ટેકનોલોજી અને ડિઝાઈનનું ઈન્ટિગ્રેશન સાથે થવું જોઈએ. પ્રાચીન ડિઝાઈન્સ તે સમયના લોકોની અનુકૂળતા મુજબ બની છે. જેને ઓબ્ઝર્વ કરવાથી તમને આઈડિયા જરૂર મળશે પણ અત્યારના લોકોની નીડ પ્રમાણે ડિઝાઈન કરશો તો તેમને ગમશે.’

**સરફેસ વેબ એટલે શું?** | સરફેસ વેબ એટલે ઈન્ટરનેટ પર જે કંઈ પણ વિધાઉટ પાસવર્ડ ઓપન પડ્યુ છે અને સર્ચ એન્જિન્સ જેના ઈન્ડેક્સ ચેક કરી શકે છે તે.

**ડીપ વેબ એટલે શું?** | ડીપ વેબ એટલે એ એરિયા જે પાસવર્ડથી આરક્ષિત હોય. જેમ કે દરેક વ્યક્તિના પોતાના મેઈલ અને ક્લાઉડ્સ તેમજ કંપનીઓના પોતાના સર્વર્સ જેમાં માત્ર આઈડી-પાસવર્ડથી જ એન્ટ્રી મળી શકે.

**ડાર્ક વેબ એટલે શું?** | ડાર્ક વેબ એટલે એ એરિયા જેને હેકર્સ અને એક્સપર્ટ્સ સિવાય કોઈ એક્સેસ કરી શકતુ નથી. એમાં ઘુસવા માટે ખાસ સોફ્ટવેર્સનો ઉપયોગ કરવો પડે છે કારણ કે ત્યાંનો ડેટા ઈન્ક્રિપ્ટેડ હોય છે.

**Title:** Technology was my weakness, I made it my strength and became CEO: Trishneet Arora Talks at IITGN
**Source:** City Bhaskar (Pg. no. 01)
**Date:** 22/10/2018